SSP/FEB98/G/06/01/550

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રવીણ
# પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] (રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

વિભાગ - ૧ (અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણો આપો.** ૬

૧. સર્વ કર્તા - હર્તા : શ્રીજીમહારાજ.
૨. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : શ્રીમુખનાં વચનોને આધારે.
૩. ગુણાતીત સંતનાં લક્ષણો : વચનામૃતના આધારે.
૪. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય : શાસ્ત્ર પ્રમાણો.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજે કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ આપ્યું.
૨. શીતળદાસને શ્રીજીમહારાજે સમાધિ કરાવી.
૩. અહો ! આ તો જોગીનું જ કામ, મારું કહ્યું તો તે જ ફેરવી શકે.
૪. કબૂતરના કબૂતર રહ્યા.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. નિરાકાર સમજવાથી ખોટ.
૨. સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત સમજાવેલું શ્રીજીમહારાજનું સર્વોપરીપણું.
૩. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન.
૪. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રમાં.

**પ્ર.૪. નીચેનામાંથી કોઈપણ બે ના કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. વાઘા ખાચરની નિરાવરણ દ્રષ્ટિ થઈ.
૨. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ગામડે જવાનો આદેશ આપ્યો.





૩. ભગવાન અને સંતમાં દિવ્યભાવ રાખવો જરૂરી છે.
૪. સંપ્રદાયમાં શ્રીજીમહારાજ અને ગુણાતીત સંતની સરખી સેવા થાય છે.

પ્ર.૫. ઉપાસનામાં શું ન સમજવું ? ૮

પ્ર.૬. ગુણાતીત સંત મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી શકે છે અને દીક્ષા પણ આપી શકે છે. ૫

**પ્ર.૭. નીચેના કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. સાકારમાં શ્રીજીમહારાજની રુચિ.
૨. પ્રગટને ઓળખ્યા વગર કસર.
૩. અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ઉપાસના.

વિભાગ - ૨ (સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તારું ધ્યાન તારી પાસે રાખ.'
૨. 'જેમ રુક્મણિનું કાંડું ભગવાને પકડ્યું, તેમ આપણું કાંડું પ્રગટ ભગવાન પકડશે તો જ આપણો ઉદ્ધાર થશે.'
૩. 'અનાજ સાફ કરીને તો રાંધો.'
૪. 'બાબા, એ જ હું છું.' (પ્રેરણામુર્તિ પ્ર.સ્વા.મહા.)

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે નાં કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. પર્વતભાઈએ ખટરસના નિયમ લીધા.
૨. નિષ્કુળાનંદ સ્વામી સ્ત્રીઓની સભામાં ન ગયા.
૩. અખંડાનંદ બ્રહ્મચારીને ઝાડા થઈ ગયા.
૪. રઘુવીરજી મહારાજે સભામાં કહ્યું કે, 'જ્યાં સુધી કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતું કરશે.'

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. ગોપાળાનંદ સ્વામીની ત્યાગ - વૈરાગ્યની છટા.
૨. મુક્તાનંદ સ્વામીને ક્રમશઃ સમજાયેલું શ્રીજીમહારાજનું સર્વોપરીપણું.
૩. કુળ રે તજી નિષ્કુળ થયા - નિષ્કુળાનંદ સ્વામી.
૪. શાસ્ત્રીજી મહારાજે પ્રમુખપદે વરણી કરતા 'પ્રમુખ સ્વામી'નો કહેલો મહિમા.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. ખુશાલ ભગતને ત્યાગી થવા કોણ તેડવા આવ્યું હતું ?

૨. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા ત્રણ ગ્રંથના નામ આપો.

૩. 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની રચના કોણે કરાવી ?

૪. મુક્તાનંદ સ્વામી આકરા વર્તમાનની તૈયારીમાં શું કરવા લાગ્યા ?

૫. પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ ક્યાં અને ક્યારે ઉજવાયો ?

૬. યોગીજી મહારાજે અંતિમ માંદગી વખતે શું સ્પષ્ટ જણાવ્યું ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. રઘુવીરજી મહારાજે રોટલો બનાવી આપ્યો.

૨. 'તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'

૩. પ્રમુખસ્વામી મહારાજ રુચિ જાણતાં અટલાદરાથી સારંગપુર પધાર્યા.

## વિભાગ - ૩ (નિબંધ)

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. સેવા અને સમર્પણનું મૂર્તિમાન સ્વરૂપ - લંડન સ્વામિનારાયણ મંદિર.

૨. સત્સંગ બંધુત્વ પ્રવાસ - ઊંડાણ અને વિકાસ(પ્રચાર)નું માધ્યમ.

૩. સંસ્કૃતિ અને સંસ્કારના વિનાશનું કારણ - કુસંગ.